# આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ

**જિલ્લામાંથી ૫૨૮૪ એ પરીક્ષા આપી હતી : સવારે ૯ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી ગુજકેટ અને વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાશે : વિદ્યાર્થીઓ અને વાલીઓની ઇન્તેજારીનો અંત : પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો : વિદ્યાર્થીઓ વોટસએપ પર પરિણામ મેળવી શકશે**

ગાંધીનગર તા ૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે સવારે ૯ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી ગુજકેટ અને વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ આ પરીક્ષામાં ૫૨૮૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને ફિઝિકસ અને કેમેસ્ટ્રીનુ પેપર પ્રમાણમાં અઘરુ અને લેન્ધી લાગ્યુ હતુ જો કે પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. જયારે હવે બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવાની જાહેરાત થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની પરિણામલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના અંતે આજે પરિણામ જાહેર થવાનુ છે. પરીક્ષા બાદ લાંબા સમયથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની હતી. જયારે બોર્ડ દ્વારા આજે પરિણામ જાહેર કરવાની જાહેરાત થતા વિદ્યાર્થીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાંથી અંદાજિત ૫૨૮૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ પણ નોંધાયો ન હતો જો કે વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાન અને ભૌતિક શાસ્ત્રનુ પેપર અઘરુ અને લેન્ધી લાગ્યુ હતુ જયારે અન્ય વિષયોની પરીક્ષા પ્રમાણમાં સરળ પુરવાર થઈ હતી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ગત વર્ષની સાપેક્ષમાં પ્રમાણમાં વહેલી લેવામાં આવી હતી. જયારે બોર્ડ દ્વારા પરીક્ષાનુ પરિણામ પણ સમયસર જાહેર કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા ૨ મેં ના રોજ સવારે ૯ કલાકે વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનુ પરિણામ બોર્ડની વેબસાઈટ પરથી જાહેર કરાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નાયબ નિયામકે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ તેમનો બેઠક ક્રમાંક ૬૩૫૭૩૦૦૯૭૧ પર મોકલીને વોટસ એપ પર પણ પરિણામ મેળવી શકશે. વિજ્ઞાન પ્રવાહના આ પરિણામ ના દ્રષ્ટિકોણથી વિદ્યાર્થીઓને પોતાની કારર્કિદીનુ ઘડતર કરવાનુ માર્ગદર્શન પણ મળી રહેશે. ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાના પુર્ણ થયા બાદ હાલ વિદ્યાર્થીઓ હળવા મુડમાં જોવા મળી રહ્યા છે. જયારે પરિણામ જાહેર થયા બાદ આગળ વધુ અભ્યાસ માટે પણ આયોજન કરવામાં પણ વિદ્યાર્થીઓ વ્યસ્ત બની જશે. જો કે હજુ ધો -૧૦ નુ પરિણામ પણ બાકી છે. ત્યારે આગામી દિવસામાં ધો -૧૨ સામાન્ય પ્રવાહ અને ધો -૧૦ ના પરિણામ સંદર્ભે પણ વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્તેજના જોવા મળી રહી છે. જો કે ધો -૧૦ નુ પરિણામ પણ મહીનાના અંતમાં કે જુનના પ્રથમ સપ્તાહમાં જાહેર થાય તેવી સંભાવના છે.

## નવી શિક્ષણ પધ્ધિતના અમલ પુર્વેનુ છેલ્લુ પરિણામ વાલીઓમાં પણ પ્રબળ ઉત્તેજના

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર થવાનુ છે. ત્યારે અનેકવિધ બાબતો શૈક્ષણિક આલમમાં ચર્ચા સ્થાને છે. નવી શિક્ષણ પધ્ધિતિના અમલ પુર્વેનુ આ છેલ્લુ પરિણામ હશે છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગરમાંથી બી ગૃપમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિણામમાં નિરસતા જોવા મળી રહી છે. વિજ્ઞાન પ્રવાહના પરિણામના અંતે ઘણાં વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવાની ઈચ્છા વ્યકત કરે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી બી ગૃપના વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી પણ નીચે જતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના લીધે મેડિકલ ક્ષેત્રે આગળ અભ્યાસ કરીને પ્રવેશ મેળવવામાં પણ વિદ્યાર્થીઓ હાંસિયામાં ધેકલાયા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થાય છે.

અગાઉ જે ઇ ઇ મેઇનસની પરિક્ષાના અંતે પણ ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ થયુ નથી. એન્જિયરીંગની કોલેજોમાં સીટો પણ પુરતી ભરાતી નથી જયારે બી જે મેડિકલમાં કોલેજમાં પણ ગાંધીનગરના વિદ્યાર્થીઓને છેલ્લા કેટલાક સમયથી સ્થાન મળતુ નથી યુનિવર્સિટીએ પ્રવેશ પ્રક્રીયા પણ સેન્ટ્લાઈઝ કરી છે જેના લીધે ગાંધીનગરના વિદ્યાર્થીઓ સ્થાનિક કક્ષાએ અભ્યાસ કરશે કે બહાર જશે તે બાબત પણ સવાલના દાયરામાં છે. ત્યારે આજના પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વિશેષ ઉત્સાહ અને ઈન્તેજારી જોવા મળી રહી છે. બીજીતરફ શિક્ષણવિદોમાં પણ પરિણામના પરિબળો ચર્ચા સ્થાને છે.

# વાદળછાયુ વાતાવરણ રહેતા ગરમીમાં ઘટાડો

**મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીએ પહોંચતા ગરમીમાં રાહત : ગ્રામ્ય વિસ્તારમાં છાંટા પડ્યા**



ગાંધીનગર, તા. ૧

છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહેતા ગરમીમાં ઘટાડો નોંધાયો હતો. ગરમી ઘટતા તાપમાનનો પારો ૩૩ ડીગ્રીએ પહોંચી ગયો હતો. શહેર-જિલ્લાના ઘણા વિસ્તારોમાં છાંટા પણ પડ્યા હતા.

ભર ઉનાળે વરસાદી વાતાવરણ છવાયુ છે. આ વખતે વારંવાર વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. જેના કારણે ગરમીની અસર ઓછી થતી જોવા મળે છે. તડકો પણ આકરો લાગતો નથી. છેલ્લા ત્રણેક દિવસથી વહેલી સવારમાં જ આકાશમાં વાદળો ઘેરાઈ આવે છે. ક્યારેક તો કાળા ડિબાંગ વાદળોથી આકાશ છવાઈ જાય છે. વીજળીના કડાકા ભડાકા પણ ક્યારેક થાય છે. આજે પણ આખો દિવસ વાતાવરણ વાદળછાયુ રહ્યુ હતુ. આકાશમાં છવાતા વાદળોના કારણે નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. વાદળોની અવરજવર આખો દિવસ રહેતા ગરમી ઘટી હતી. વેસ્ટર્ન ડિસ્ટર્બન અને સાઈક્લોનિક સરક્યુલેશનને કારણે ગુજરાતથી રાજસ્થાન સુધીના પટ્ટામાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ભર ઉનાળે વરસાદથી ઘણી નદીઓમાં પુર જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. કેરીના પાકને વ્યાપક નુકશાન થઈ રહ્યુ છે. અન્ય ખેત પાકોને પણ ભારે નુકશાન થતાં ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે.

## રાજ્યમાં કોરોનાના માત્ર નવા ૭૦ કેસ

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં કોરોનાના નવા કેસોમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યા છે. જેમાં ૦૧ મેના રોજ કોરોનાના નવા ૭૦ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૧૪, વડોદરામાં ૧૪, સુરતમાં ૧૦, સાબરકાંઠામાં ૦૬, સુરત ગ્રામ્યમાં ૦૬, આણંદમાં ૦૪, વલસાડમાં ૦૩, કચ્છમાં ૦૨, વડોદરા ગ્રામ્યમાં ૦૨, અમરેલીમાં ૦૧, ભરૂચમાં ૦૧, બોટાદમાં ૦૧, દ્વારકામાં ૦૧, ગાંધીનગરમાં ૦૧ કેસ નોંધાયો છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક કેસ નોંધાયો

**શહેર-જિલ્લામાં ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે જ્યારે શહેરમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં આજે ૭ દર્દીઓ રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૬ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારને લઈ તંત્રમાં ચિંતાની લ્હેર જોવા મળી રહી છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે એટલે પોઝીટીવીટી રેટ પણ ઘટી જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આજે એક કેસ નોંધાયો છે. માણસા તાલુકાના

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૬ના સરકારી આવાસોમાં ફાયર પ્રોટેકશન સિસ્ટમ લગાવાશે

**સી કક્ષાના આવાસમાં કબાટને શટર લાગવાની રહીશોની માંગણી પણ સંતોષાશે**

સેક્ટર ૬માં અગાઉ નવા સરકારી આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે જયારે આ આવાસોને અનુલક્ષી સુરક્ષા પ્રબંધોને વધુ સઘન કરવામાં આવશે જયારે આ અન્વયે રૂ ૩ કરોડના ખર્ચથી ફાયર પ્રોટેક્શન સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવશે જયારે સી કેટેગરીના ફ્લેટ ટાઈપ સરકારી આવાસની આ વસાહતમાં દરેક ક્વાર્ટરમાં અપાયેલા કબાટને શટર લગાવી દેવાની માંગણી પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવતી હતી જેને અનુલક્ષી આ કામગીરી પાછળ ૧.૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે

ફ્લેટ ટાઈપ વસાહતોમાં ફાયર ફાઈટિંગ સિસ્ટમ અનિવાર્ય ગણવામાં આવે છે. સંબંધિત સરકારી તંત્રો દ્વારા આ મુદ્દે ગંભીરતા દાખવીને ફાયર પ્રોટેકશન સિસ્ટ લગાડવાની શરતે જ સ્કીમને મંજુરી આપવામાં આવતી હોય છે. ત્યારે સેક્ટર ૬માં આવેલી સરકારી ફ્લેટ ટાઈપ વસાહતમાં પણ ફાયર પ્રોટેક્શન

● અનુસંધાન પાન-૭ પર

# આગામી પુનમની રાત્રિના અજવાળામાં નિશાચર વન્યપ્રાણીઓની ગણતરી કરાશે

**તા ૫ અને ૬ ની રાત્રિએ ગણતરી હાથ ધરવા માટે જિલ્લામાં કુલ ૩૨ પોઇન્ટ નિયત કરાયા : વનવિભાગના ૧૦૦ થી વધુ કર્મચારીઓ અધિકારીઓને નિષ્ણાંતો દ્વારા તાલીમ પણ આપવામાં આવી**

ગાંધીનગર તા ૧

ગુજરાતમાં દિપડા સહીતના નિશાચર વન્ય પ્રાણીઓની ગણતરી હાથ ધરવામાં આવશે આગામી તા ૫ અને ૬ ના રોજ પુનમની રાત્રિએ હાથ ધરાનારી આ ગણતરી અન્વયે ગાંધીનગર જિલ્લામાં પણ વન અધિકારીઓ અને કર્મચારીઓના તાલીમ આપવામાં આવશે. આ માટે જરૂરી પોઈન્ટ પણ નિયત કરી દેવાયા છે. જયારે આ અન્વયે જિલ્લામાં કુલ ૩૨ પોઈન્ટ પર તાલીમબદ્ધ કર્મચારીઓ દ્વારા ગણતરીની કામગીરી હાથ ધરાશે.

રાજયમાં વન વિભાગ કક્ષાએથી નિશાચર પ્રાણીઓની ગણતરી માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવશે જયારે આ અન્વયે ગાંધીનગર જિલ્લામાં પણ જરૂરી આયોજન કરી દેવાયુ છે. ગણતરીને અનુલક્ષી વન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઆને તાલીમ પણ આપવામાં આવશે જયારે ગાંધીનગર જિલ્લામાં પણ પુનમની રાત્રિએ હાથ ધરાનારી વન્ય નિશાચર પ્રાણીઓની ગણતરીને અનુલક્ષીને તૈયારી કરી દેવામાં આવી છે. આગામી તા ૫ અને ૬ મેં ના રાત્રિના દિપડો, વરુ, શિયાળ, લોમડી, જંગલી બિલાડી, ઘુવડ, વણીયર, ઝરખ સહીતના વન્ય પ્રાણીઓની ગણતરી કરવામાં આવશે. જયારે આ ગણતરીને અનુલક્ષી વન વિભાગના ૧૦૦ થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓને તાલીમબધ્ધ કરાયા છે. જયારે યોગ્ય વસતી ગણતરીની પ્રક્રીયા માટે વિવિધ પ્રકારની કાળજી લેવા માટે પણ જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ છે. જેમાં દિપડા સહીતના પ્રાણીઓ કયા વિસ્તારમાં હોય તે અંગે તમામ રેન્જ ઓફિસરને પોઈન્ટ નિયત કરવા માટે પણ સુચના આપવામાં આવી હતી. જેમાં ગાંધીનગરના નદી વિસ્તાર, કોતરો નદી કિનારાના ગામો વોટર પોઈન્ટ તેમજ અગાઉના સમય દરમિયાન દિપડા જોવા મળ્યા હોય તેવા પોઈન્ટ પણ ગણતરીની પ્રક્રીયા હેઠળ આવરી લેવામાં આવશે. પુનમની અજવાળી રાતના પ્રકાશમાં વસતી ગણતરી કરવા માટે જિલ્લામાં ૩૨ જેટલા પોઈન્ટ નિયત કરાયા છે. જયારે દરેક ગણતરી પોઈન્ટ પર બે થી વધુ કર્મચારીઓ નહી રાખવા અંગે પણ વન સંરક્ષક કક્ષાએથી સુચના આપવામાં આવી છે.

**પૂનમની રાત્રિના દિપડો, વરુ, શિયાળ, લોમડી, જંગલી બિલાડી, ઘુવડ, વણીયર, ઝરખ સહીતના વન્ય પ્રાણીઓની ગણતરી કરવામાં આવશે**

## ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજને એર એમ્બ્યુલન્સથી વધુ સારવાર માટે મુંબઈ લઈ જવાયા

અમદાવાદ, તા.૧

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલને સ્ટ્રોક આવતા તેમને ગઈકાલે અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, આજે વધુ સારવાર માટે તેમને એર એમ્બ્યુલન્સથી મુંબઈ લઈ જવાયા છે. અનુજ પટેલને મુંબઈની હિંદુજા હોસ્પિટલમાં વધુ સારવાર અપાશે. ગઈકાલે હિંદુજા હોસ્પિટલના ડો. મિશ્રાએ અનુજની તબીબી તપાસ કરી હતી.

આજે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને પરિમલ નથવાણી અનુજની તબિયત જાણવા પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમના પુત્ર અનુજની તબિયત નાદુરસ્ત થવાના કારણે આજે જામનગર ખાતે થનારી ગુજરાત ગૌરવ દિવસ ઉજવણીના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા. ગુજરાત ગૌરવ દિવસના જામનગરના આ કાર્યક્રમોમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ ભાઈ પટેલ સહભાગી થયા હતા.

## રાજ્યમાં RTEની ૬૮ હજારથી વધુ અરજીઓ માન્ય

**ચાલુ વર્ષે RTE અંતર્ગત પ્રવેશ માટે કુલ ૯૮ હજાર ૫૦૧ અરજીઓ થઈ હતી**

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં વર્ષ ૨૦૨૩માં ઈ્ઈ અંતર્ગતની પ્રવેશ પ્રક્રિયાનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યાર ઈ્ઈ અંતર્ગતની કુલ ૬૮ હજાર ૧૧૮ અરજીઓ શિક્ષણ વિભાગે માન્ય રાખી છે. જો કે, ચાલુ વષ ઈ્ઈ અંતર્ગત પ્રવેશ માટે કુલ ૯૮ હજાર ૫૦૧ અરજીઓ થઈ હતી.

ઈ્ઈ અંતર્ગતની કુલ ૬૮ હજાર ૧૧૮ અરજીઓ માન્યા રખાઈ છે ત્યારે અગાઉ કુલ અરજીમાંથી ૧૪ હજાર ૫૩૨ અરજીઓ અમાન્ય ગણાઈ હતી અને અમાન્ય અરજી પર ફરી ડોક્યુમેન્ટ અપલોડ કરવા સમય અપાયો હતો. ૨૭ એપ્રિલ સુધી અપાયેલા સમયમાં ૬ હજાર ૭૪ અરજી પર ડોક્યુમેન્ટ અપલોડ ફરીવાર થયા છે. અત્રે તમને જણાવી દઈએ કે, કુલ અરજીઓમાંથી શિક્ષણ વિભાગે ૧૮ હજાર ૯૯૩ અરજીઓ કેન્સલ કરી હતી.આરટીઈ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૨ એપ્રિલ જાહેર કરાઈ હતી. આરટીઈ એડમિશન ઓનલાઈન ફોર્મ ભરવા માટે ૧૨ દિવસનો સમય વાલીને આપવામાં આવ્યો હતો. એડમિશન માટે વાલીએ કરેલી અરજીમાં ખૂટતાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે ફરી એક તક ૨૫થી ૨૭ એપ્રિલ સુધી આપવામાં આવી હતી, ત્યાર બાદ જે ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ થયા હશે તેની ચકાસણી ૨૫થી ૩૦ એપ્રિલ સુધી કરવામાં આવી છે અને ત્યારબાદ આરટીઈ પ્રવેશ પ્રક્રિયાનો પહેલો રાઉન્ડ ૩ મેના રોજ શરૂ થશે

# સંત સરોવર નજીકની કોતરો પક્ષીઓના માળા માટેનું નવુ સરનામું બન્યુ

**અમદાવાદના બર્ડ વોચર ગૃપે અહિ વાદળી પૂંછનો પતરંગો, ચિલોત્રો, ચકલી, કાબર, ચીલરી સહિતના પક્ષીઓના માળા જોયા**







ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના પાદરેથી વહેતી સાબરમતી નદી પર બંધાયેલ સંત સરોવર એ યાયાવર પક્ષીઓનું યાત્રાધામ બનીને ઉભરી આવ્યુ છે. આ પક્ષીઓને નિહાળવા અને કુદરતી વાતાવરણની મોજ લેવા તાજેતરમાં અમદાવાદના બર્ડ વૉચર ગૃપની એક ટીમ સંત સરોવર આવી હતી.

આ બર્ડ વૉચર ગૃપના ગૃપલીડર રાજુ પટેલે જણાવ્યુ હતુ કે સવારના સમયે અમને અહિ ઘણુ બધુ માણવા અને જાણવા મળ્યુ હતુ. અમદાવાદ સ્થિત આ બર્ડ વૉચર ગૃપમાં મનોજભાઈ પાઈ, અરવિંદભાઈ નાઈકર, જયંતિભાઈ, સપનભાઈ પટેલનો સમાવેશ થાય છે.

સંત સરોવરની રેતીવાળી ભેખડોમાં વાદળી પૂંછ પતરંગાના ૧૦૦ જેટલા માળા જોવા મળ્યા હતા.

તેમણે કહ્યુ હતુ કે ઘણા પતરંગા રેતમાં બખોલ કરી માળા બનાવતા હતા તો ઘણા જુદી જુદી મધમાખી લઈ આવી માદાને આકર્ષતા જોવા મળ્યા હતા. ઘણા પક્ષી માળામાં અવરજવર કરતા જોવા મળ્યા હતા એટલે માળામાં તેમના ઈંડા હશે એવુ અનુમાન છે.

રાજુભાઈ પટેલે કહ્યુ હતુ કે વાદળીપૂંછ પતરંગો પાણી-ખોરાકની સરળતાથી ઉપલબ્ધિ હોય ત્યાં વધુ માળા બનાવતા હોય છે. આ વાદળી પૂંછ પતરંગો ખોરાકમાં મધમાખી, મચ્છર, માખી અને ભમરા જેવા જીવજંતુઓ વધુ પસંદ કરતા હોય છે.

ઘણા પતરંગા ખોરાક લઈ ડાળી કે તારનો સહારો લઈ પટકી-પટકી મારીને તેમનો ખોરાક લેતા હોય છે.

તેમના બર્ડ વૉચર ગૃપને લુપ્ત થતી ચકલીના માળા પણ જોવા મળ્યા હતા. કાબર, ઘોડા કાબર, ચીલરી, બ્રહ્મણી મેનાના પણ માળા આ વિસ્તારમાં જોવા મળ્યા હોવાનું તેમણે કહ્યુ હતુ.

તેમણે કહ્યુ કે તેમના ગૃપને હોનબિલ (ચિલોત્રો) પણ જોવા મળ્યુ હતુ.

સંત સરોવરનો વિસ્તાર યાયાવર પક્ષીઓ માટે મહત્વનો છે અને અહિ જે કુદરતી વાતાવરણ છે એટલે પંખીઓનો કલશોર પણ સરસ રીતે ગુંજતો જોવા મળે છે.

અમારા ગૃપના સૌ આનંદવિભોર થઈ ગયા હતા અને પેલી પ્રસિદ્ધ ગુજરાતી પંક્તિ પંખીઓએ કલશોર કર્યો કે ધરતીને સૂરજ ચૂમ્યો... ગણગણવા લાગ્યા હતા. અદ્‌ભૂત નજારો હતો બર્ડ વોચીંગનો એમાં કોઈ બેમત નથી.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | Pidilite Roff — TILE & STONE FIXING EXPERT | Birla White — THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com